





ગુજરાત વિદ્યાપીઠ મહાદેવભાઈ દેસાઈ શારિરીક, શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના સુસજ્જ મેદાન અને પટાંગણમાં બાળ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દોલારાણા વાસણા, હરીપુરા, ચેખલારણી, બાપુપુરા, અમીધારા આશ્રમશાળા અને રાજપુર ગામની પ્રાથમિક શાળાઓના ૧૨૦ બાળ ખેલાડીઓએ સ્વદેશી રમતો જેવી કે ખોખો, કબડ્ડી, લાંબી કૂદ, ૧૦૦મી. દોડ, ગોળાફેંક અને યોગાસનમાં ભાગ લીધો હતો. જયારે શિક્ષક ભાઈઓએ ૧૦૦ મી. દોડ અને ગોળાફેંકમાં ભાગ લીધો હતો. સૌ પ્રથમ રાજપુર પ્રાથમિક શાળાના બાળ ખેલાડીઓએ બિન્દુબા ઝાલાના માર્ગદર્શન હેઠળ કેલેસ્થનીક, ડંબેલ્સ અને કરન્ટ રીલેનું નિદર્શન કર્યું. એસ.એમ.સી. અધ્યક્ષ દિનેશભાઈ ઠાકોરની હાજરીમાં ગૌસંવર્ધન કેન્દ્રના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે ઉદઘાટન પ્રવચન આપી બાળ ખેલાડીઓને પ્રોત્સાહીત કર્યા હતા. પ્રો. ડૉ. જગદીશચંદ્ર સાવલીયાએ સ્પર્ધાઓની પૂર્વ તૈયારીમાં મદદ કરી પ્રતિજ્ઞા વાંચન અનિતાબેન પટેલ અને સભા સંચાલન હેતલબેન પટેલે કર્યું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને કાર્યક્રમની રૂપરેખા-સી.આર.સી.કો ઓર્ડીનેટર દિનેશભાઈ ગોહિલના સીધા માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં તમામ ખેલાડીઓને એક ફાઈલ, પેન અને ખાલી કવર આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા અને તમામ ખેલાડીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા. વિદ્યાપીઠમાં આવેલ દિલ્હીની કોર ટીમે પણ રમતોત્સવ નિહાળી ખેલાડીઓ અને શિક્ષકોને પ્રશ્નોત્તરી કરી હતી. એસ.એમ.સી.ના તમામ સભ્યોએ જાતે રસોઈ બનાવી તમામ બાળ ખેલાડીઓને જમાડી આદર્શ ઉદાહરણ પુરું પાડયું હતું.

# હિલવુડ સ્કૂલના વિદ્યાર્થીઓએ દાન-ઉત્સવ ઉજવ્યો

## સેક્ટર-૧ ઉની પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોને કપડા, રમકડાં અને અભ્યાસની ચીજવસ્તુઓ આપી "જોય ઓફ ગીવીંગ"નો આનંદ ઉઠાવ્યો



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૨૫માં હિલવુડ સ્કૂલ ખાતે 'જોય ઓફ ગીવીંગ' કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ જરૂરિયાતમંદ બાળકોને વિવિધ ચીજવસ્તુઓનું દાન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને બાળકોનું મનોરંજન પણ કર્યું હતું.

હિલવુડ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા જીવનમાં આપવાથી આનંદ મળે છે. તેનો પ્રત્યક્ષ અનુભવ કરવા દાન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ દાન-ઉત્સવમાં વિદ્યાર્થીઓએ સે. ૧ ઉની પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોને પેન્સિલ, રબ્બર, પેન, ટુથબ્રશ, સાબુ, ટુવાલ, રમકડાં, કપડાં સહિત બિસ્કીટ અને નાસ્તાની અન્ય ચીજવસ્તુઓનું વિતરણ કર્યુ હતુ. આ પ્રસંગે સ્કૂલના પ્રિન્સીપાલ સુનિતા સહગલ સહિત અધ્યાપકગણે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ દાન ઉત્સવમાં સ્કૂલના વિદ્યાર્થીઓએ રમતો, નૃત્ય, ગીત, નાટિકા વગેરે દ્વારા બાળકોનું મનોરંજન પણ કર્યુ હતું. આ ઉપરાંત હિલવુડ સ્કૂલના નાના ભૂલકાઓ માટે નવરાત્રી મહોત્સવનું પણ આયોજન કરાયું હતુ જેનો બાળકોએ ખૂબ આનંદ ઉઠાવ્યો હતો.

### વન્યસૃષ્ટિ પરિચય (૪ પાનાનું ચાલુ...)

છે.આપણાં દેશે આ માટે હજુ વધુ અસરકારક ને કડક પગલાં લેવાની જરુર છે. ચાઈનીસ ઈન્ટરનેટ કંપનીઓએ ઓનલાઈન ગેરકાયદેસર વન્યજીવોના અને તેના ઉત્પાદકોના વેપારને રોકવાનું નક્કી કર્યું છે. ત્યાંની ૯ કંપનીઓએ વન્યજીવોના વેપારને મહત્ત્વ કે પ્રોત્સાહન ન આપવા વચન આપેલ છે. જે રીતે શિકારીઓ અને ગેરકાયદેસર વેપારીઓ નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. તેજ રીતે સુરક્ષા સંસ્થાઓ પણ વધુમાં વધુ અદ્યતન બનવાના માર્ગે આગળ વધી રહી છે.

માનવોનાં સુખસગવડોમાં ટેકનોલોજીનો ઉપયોગ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. તેની એક સફેદ અને બીજી કાળી બાજુ પણ છે. વન્યજીવો માટે અભિશાપરુપ બનતી આધુનિક ટેકનોલોજીના વિવેકપૂર્ણ ઉપયોગની સમજ માનવોએ કેળવવી જ પડશે.

### મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

પુરુષો ઘરનું કામ સંભાળે એવી અહીની પરંપરા.

અહી વસતી મિઝો જાતિ મૂળે ચીન, તિબ્બત અને બર્મામાંથી સ્થળાંતર થઈને અહી સુરક્ષા જોતા આ પર્વતોમાં વસી ગયેલી. અહી અનેક ભાષાઓ છે, બોલીઓ છે પણ કોઈને પોતાની લિપિ નથી અહીનું આતિથ્ય કાઠિયાવાડની યાદ અપાવે એવું, આ પ્રદેશની એક ના માની શકાય એવી અનુભૂતિ પણ મને પહેલીવાર થઈ કે અહીંની બધી જ સ્ત્રીઓની આંખોમાં આપણને માત્ર પવિત્રતા જ દેખાય. કોઈપણ પ્રકારની આશંકા વિના એ આપણી પર વિશ્વાસ મૂકીને થોડી જ ઓળખાણમાં આપણી સાથે હળી ભળી જાય, આપણી સાથે હસીને વ્હાલથી બોલે, જો આપણે જરાક પણ ધ્યાન ના રાખીએ તો તરત જ એના પ્રેમમાં પડી જઈએ. અહીના લોકોની સરળતા અને શાલીનતા એમનું આંતરિક સૌન્દર્ય છે. મનથી આ પ્રજા સાવ ચોખ્ખી અને શુદ્ધ, પૂર્ણ રીતે વફાદાર અને મહેનતું. અહી પર્વતીય ઢોળાવ - ઊંચાઈ વાળા રસ્તાઓ હોવાથી ટ્રાફિકના નિયમોનું ચૂસ્ત રીતે સ્વયં પાલન અહીના લોકોની સંસ્કારિતા દર્શાવે છે. સાવ નાના એવા રોડ પર એક તરફથી વાહનો જાય અને બીજી તરફથી આવે, વચ્ચે સ્કૂટર કે બાઈક વાળા. આ વ્યવસ્થાના અમલ માટે ભાગ્યે જ કોઈ જગ્યાએ પોલીસ જોવા મળે. અહીં મોસમ પણ અનિશ્ચિત ક્યારે વરસાદ આવશે એ કાંઈ કહેવાય નહી. અહી સૂર્ય પણ સવારે ચારની આસપાસ ઊગી જાય અને સાંજે ચાર સાડા ચારની આસપાસ આથમી જાય, પાંચ વાગતા તો ઘોર અંધારું. અહી કોઈ હનુમાનજી, માતાજી કે બાબા કે સ્વામી કે સંત કે સંપ્રદાય નહી માત્ર દરેક જગ્યાએ ચર્ચ જ એમની શ્રદ્ધાનું કેન્દ્રબિંદુ. . સૌને એક જ જીજસમાં અપાર શ્રદ્ધા. અહી મૃત્યુનો સહેજેય કોઈને ડર નહી. દરેકના મકાનો જોઈએ તો લાગે કે હમણા જ પડશે. પણ અહી પર્વતોની જેમ મનની પણ ઊંચાઈ અને પવિત્રતા આપણને વિચારતા કરી દે એવી. અહી બહારના રાજ્યના કોઈ પણ વ્યક્તિ જમીન કે ઘર ખરીદી શકતા નથી અને એટલે જ અહીની પ્રાકૃતિક સંપદા, સંસ્કાર અને પરંપરા બધુ જ યથાવત સચવાઈ રહ્યું છે. સારું છે કે આપણી દુષિત દુનિયાના વાયરસો ત્યા સુધી નથી પહોંચ્યા.

-9426060601.india@gmail.com

### પતિ ફરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રેમ લગ્ન કર્યા હતા. તે સમયે સવિતાબેનના પુર્વ પતિ સાથેનો એક સંતાન હતો તે પણ હાલના પતિ સાથે રહે છે. પ્રેમ લગ્ન કર્યા બાદ થોડા સમય પછીથી અવારનવાર ઝગડા થવાનું શરૂ થઈ ગયું હતું. ઘરકંકાશ છાશવારે થતો રહેતો હતો. દરમ્યાન આજે સમી સાંજે મજુરી કરીને ભાણીયો ઘરે આવ્યો ત્યારે છાપરાની પાછળ મૃતદેહ પડેલો તેણે જોયો હતો. સવિતાબેનને ગળે ટુંપો દીધેલી હાલતમાં અને માથે ગંભીર ઈજાઓ થયેલી હાલતમાં જોઈ સવિતાબેનની બહેન આશાને જાણ કરી ભાણીયાએ બોલાવી લીધી હતી. આશાબેને પોલીસને જાણ કરતા સે. ૭ પોલીસ મથકના પીઆઈ મીની જોસેફ તથા તેમની ટીમ એફએસએલ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત સાથે પહોંચી ગઈ હતી. માથે હથોડો ફટકારીને ગળે ટુંપો આપી પત્નિ સવિતાબેનની હત્યા કરી પતિ જાકીરશા ફરાર થઈ ગયો હોવાની શંકાને આધારે આશાબેનની ફરીયાદ લઈ સે. ૭ પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે.

ટચૂકડી જાહેર ખબર
ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

# સરકાર પાટીદાર સમાજને ગેરમાર્ગે ન દોરે : હાર્દિક

## સરકારની રહેમ નજર હેઠળ દમનનો દોર ચાલે છે : હાર્દિક પટેલે પત્રકાર પરિષદ યોજી આક્રમક પ્રહારો કર્યા : રાજકોટ વનડે માટે હજારો ટિકિટો ખરીદાઈ છે

અમદાવાદ, તા.૧૦

પાટીદાર સમાજ માટે અનામતને લઈને આંદોલન ચલાવી રહેલા પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર અને કન્વીનર હાર્દિક પટેલે આજે ફરી એકવાર આક્રમક નિવેદન કરીને સરકારની મુશ્કેલી વધારી દીધી છે. રાજકોટમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મેચ રમનાર છે ત્યારે આને લઈને હવે હાર્દિક પટેલે મોરચા સંભાળી લીધા છે. હાર્દિક પટેલે આજે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, પાટીદારોએ ૨૫ હજાર ટિકિટ ખરીદી લીધી છે જેથી પાટીદારોને ઘુસવા નહીં દેવાય તો સ્ટેડિયમ ખાલી રહેશે. મેચ દરમિયાન જય સરદાર જય પાટીદાર, મોદી હાય હાય, ભાજપ હાય હાયના નારા લગાવવામાં આવશે. અનામતની માંગને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા ૯૦૦૦ ટી-શર્ટ અને ૩૭૦૦ પ્લેકાર્ડ તૈયાર કરાયા છે. હાર્દિકે ગુજરાત મોડલ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને ભાવિ કાર્યક્રમોની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, જો સ્ટેડિયમમાં ઘુસવા નહીં દેવાય તો બહાર જ પાટીદારો મેચ રમશે. હાર્દિકે કહ્યું હતું કે, દમન અને હત્યાનો દોર સરકારની રહેમનજર નીચે થઈ હોય તેમ લાગી રહ્યું છે. હાર્દિક પટેલે કહ્યું હતું કે, પાટીદાર સમાજને અનામતનો લાભ મળે અને મળેલી



અનામત દ્વારા પાટીદાર સમાજનું ઉત્થાન થાય તે માટે પાસ દ્વારા છેલ્લા ૧૧૦ દિવસથી સંઘર્ષપૂર્ણ રીતે પોતાના હક્ક માટેની શાંતિપૂર્ણ લડાઈ ચાલી રહી છે. જે માંગણીઓને લઈને જે આંદોલન ચાલી રહ્યું છે. તે માંગણીઓ સરકાર દ્વારા ક્યા કાયદાને આધારે સ્વીકારવામાં આવતી નથી તેનું લેખિતમાં સરકાર ખુલાસો આપે અને પાટીદારોને અનામત નહિ મળે તેવી જાહેરાતો દ્વારા પાટીદાર સમાજને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે.

# તાજપુર પાસે ઓવરલોડીંગ બે ટ્રકો ખાણ ખનીજ વિભાગે પકડી

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ખનીજ માફિયાઓ દરરોજ બિન્દાસપણે ખનીજની મોટાપાયે ચોરી કરે છે. દરરોજ દિવસ રાત હજારોની સંખ્યામાં ઓવરલોડીંગ ટ્રકો અવરજવર બેફામગતિએ કરે છે. તેમ છતાં ખાણખનિજ વિભાગ ચૂપચાપ તમાસો જોઈ રહ્યું છે અને કામગીરીના ભાગરૂપે બે-ત્રણ ટ્રકો પકડી કેસ કરી કામગીરી બતાવે છે. ત્યારે ગતરોજ આજ રીતે સાબરકાંઠા ખાણ ખનીજ વિભાગે હજારો ટ્રક છોડી માત્ર બે જ ટ્રકો બતાવી સંતોષ માની લીધો છે. તેવું સ્પષ્ટ જણાઈ આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં રાત દિવસ ખનીજ ચોરી કરતા ટ્રકો પાસ પરમીટ વગર ખનીજ ચોરી બેરોકટોક કરી રહ્યા છે. જેમાં ખનીજ વિભાગના કેટલાક અધિકારીઓની મિલીભગતને લીધે દિવસ-રાત ખનીજ ચોરી તથા ઓવરલોડ ટ્રકો



નેશનલ હાઈવે પર દોડે છે. ત્યારે ગતરોજ તાજપુર નજીક માત્ર બે ટ્રકો પકડીને ખનીજ વિભાગે કોઈ મોટુ તીર માર્યુ હોય તેવું હાલ તો જણાઈ આવે છે. આ મામલે સાચા મનથી તપાસ કરવામાં આવે તો મોટા પ્રમાણમાં બિન અધિકૃત ખનીજ ચોરી કરતી ટ્રકો મોટી સંખ્યામાં મળી આવે તેમ છે અને કદાચ પોલીસ સ્ટેશનનું મેદાન પણ નાનુ પડે અને દંડની રકમથી સરકારમાં પૈસાનો વરસાદ થાય તેમ કહીએ તો નવાઈ નહી.

### દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કંપનીઓ દ્વારા નાણા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે, તપાસ સંસ્થાઓ જુદી જુદી જગ્યાઓએ તપાસ કરે છે. મોટી ગેરરીતિઓ સપાટી પર આવી ચુકી છે. બેંક ઓફ બરોડાના આંતરિક ઓડિટ રિપોર્ટનો મામલો સપાટી ઉપર આવ્યા બાદથી જ છેલ્લા ઘણા સમયથી આને લઈને વિવાદ હતો. બ્લેક મનીને રોકવા માટે મોદી સરકારે વિવિધ પગલા લીધા હોવા છતાં કાળા નાણાને લઈને કોઈ મોટી સફળતા મળી રહી નથી. મોદી સરકાર વારંવાર કહી ચુકી છે કે, કાળા નાણાને પરત લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કેટલાક અંશે સફળતા પણ મળી છે પરંતુ જેટલા પ્રમાણમાં કાળા નાણા સ્વદેશ લવાયા છે તેની સરખામણીમાં કાળા નાણા બહાર વધારે મોકલવામાં આવ્યા છે. આ મામલામાં પણ આવી જ ગતિવિધિ છે. ફોરેક્સ કૌભાંડમાં દસ્તાવેજોમાં તપાસ ચાલી રહી છે.

### નહેરૂની ૧૨૫મી જન્મ જયંતિની મહિલા કોંગ્રેસ દ્વારા ઉજવણી થઈ

ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરૂની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી સંદર્ભે શહેર મહિલા કોંગ્રેસની આજે એક બેઠક મળી હતી. આ બેઠકમાં જાણીતા ચિંતક અને લેખક ડૉ. કેશુભાઈ દેસાઈએ નેહરૂના જીવન-કવન અંગેની રસપ્રદ વાતો કહી હતી. આ બેઠકમાં શહેરના નિરીક્ષક માયાબેન દવે, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, જિલ્લા પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી સહિત વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા. શહેર પ્રમુખ ભાનુમતિ રોહિત અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# મેચમાં પ્રદર્શન કરવા આવેલા પાટીદારો પાસે સફાઈ કરાવાશે

## ખંઢેરી ગામના નામે વ્હોટસએપ પર વાઈરલ થયેલા મેસેજમાં પાટીદારો માટે ચિમકી

ગાંધીનગર, તા. ૧૦

રાજકોટ ખાતે તા. ૧૭મી ઓક્ટોબરે યોજાનાર ભારત-દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ મેચ દરમ્યાન પાટીદારો દ્વારા અનામતની માંગણી સંબંધે પ્રદર્શન કરવાની હિલચાલ કરાઈ રહી છે. આ બાબતે રાજકોટ નજીકના ખંઢેરી ગામના આહિર સમાજના નામથી વ્હોટસએપ પર એક મેસેજ વાઈરલ થયો છે જેમાં પાટીદાર લખેલ ટોપી કે ટી-શર્ટ પહેરી મેચ જોવા આવનાર તમામને ઉઠાવી ખંઢેરી ગામે સફાઈ કાર્ય કરાવવામાં આવશે. ઉઠાવી લીધેલા પાટીદારોને આહિર સમાજ તરફથી એક સમયનો નાસ્તો પણ કરાવાશે પરંતુ જો પાટીદારો અમદાવાદ જેવી ભુલ કરવાની ચેષ્ટા કરશે તો પોલીસ કાર્યવાહીથી પણ વધુ કડક કાર્યવાહી કરાશે તેવી ચિમકી પણ આ મેસેજમાં ઉચ્ચારાઈ છે.

### જાહેર નોટીસ

અ.વ.શ્રી બી. ડી. ઝુલા

ભિલોડાના મે.જ્યુડી. મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ભિલોડા

ફો.પ.એ. નં. ૧૯૮/૧૫

અરજદાર : અસારી હંસાબેન w/o હસમુખભાઈ કનુભાઈ
રહે. રામપુરી, તા. ભિલોડા

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી

અરજ : જન્મ - મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ

આથી લાગતા વળગતાઓએને આ નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની પુત્રી નામે રીદ્ધીબેન અસારીનો જન્મ તા. ૯/૭/૨૦૧૧ના રોજ ભિલોડા મુકામે થયેલ, પરંતુ તેમના જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે કરાવેલ નહીં હોવાથી જન્મની નોંધણી કરાવવા હાલની આ અરજી કરેલ હોઈ, આ અંગે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો - વિરોધ હોય તો મુદત તા. ૨૩/૧૦/૨૦૧૫ સુધીમાં સવારના ૧૧-૦૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર થઈ લેખિતમાં વાંધો રજૂ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજીની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

આજ તારીખ : ૨૪મી માહે. સપ્ટેમ્બર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| મુસદ્દો તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
| --- | --- | --- |
| (પી.એમ. પટેલ) | (વી.એસ. બળેવા) | (સી.પી. બારોટ) |
| આસીસ્ટન્ટ | સુપ્રિ. | (રજીસ્ટ્રાર) |
| | | પ્રિન્સિપાલ સીવીલ કોર્ટ, ભિલોડા |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.